www.ambajitemple.org

# વહીવટદાર કચેરી

## શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી

તા.દાંતા, જી.બનાસકાંઠા(ઉત્તર ગુજરાત) પીન–૩૮૫૧૧૦

ફોન :– (૦૨૭૪૯) ૨૬૨૧૩૬, ૨૬૨૬૩૬, ફેક્સ :– (૦૨૭૪૯)૨૬૪૫૩૬

E-mail-jayambe_ad1@rediffmail.com

## ભાદરવી પૂનમ મહામેળો–૨૦૧૯ માટે સાંસ્કૃતિક કાર્યક્રમ આપવા માટેનું ફોર્મ

| અ.નં. | માહિતિ | ભરવાપાત્ર વિગત |
|---|---|---|
| ૧ | કલાવૃંદનું નામ | |
| ૨ | ઓર્ગેનાઈઝરનું નામ | |
| ૩ | સરનામુ | |
| ૪ | કોન્ટેકટ નંબર (લેન્ડ લાઈન અને મોબાઈલ નંબર) | |
| ૫ | કયા પ્રકારનો કાર્યક્રમ આપવાના છો ? તેની વિગત (ડાયરો, નૃત્ય નાટીકા, રાસ ગરબા, કલાસીક નૃત્ય, નાટક વિગેરે) | |
| ૬ | **મુખ્ય કલાકારોના નામ** લોક ગાયક / ગાયિકા / સાહિત્ય કાર / હાસ્ય કલાકાર વિગેરેની વિગત આપવી. | |
| ૭ | સહ કલાકારોની સંખ્યા | |
| ૮ | સાજિંદાઓની સંખ્યા | |
| ૯ | છેલ્લા બે વર્ષમાં કરેલ મોટા | |

| | | |
|---|---|---|
| | કાર્યક્રમની વિગત સામે જણાવવી તથા સર્ટીફીકેટ આ સાથે બીડવાના રહેશે. | |
| ૧૦ | પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (પાન નંબર) | |
| ૧૧ | પુરસ્કારની અપેક્ષિત રકમ | રૂા............................ |
| ૧૨ | પુરસ્કારની રકમનો ચેક જેના નામે બનાવવાનો હોય તેની વિગત. | |
| ૧૩ | અનુકુળ તારીખ સામે જણાવવી. (તા.૦૮/૦૯/૨૦૧૯ થી તા.૧૪/૦૯/૨૦૧૯) | |

<u>શરતો :–</u>

(૧) ઉપરોકત મુજબની માંગેલ વિગતે સંપૂર્ણ માહિતિ ભરી સીલબંધ કવરમાં ફકત રજી.પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટથી વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા, પીન–૩૮૫૧૧૦ ને તા.૩૧/૦૭/૨૦૧૯ રોજ સાંજે ૪–૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાની રહેશે. સીલબંધ કવર ઉપર "સાંસ્કૃતિક કાર્યક્રમ માટેની દરખાસ્ત ભાદરવી પૂનમ મેળો–૨૦૧૯" એમ અવશ્ય લખવાનું રહેશે.

(૨) કોઈપણ દરખાસ્ત રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી.

(૩) સમય મર્યાદા બહાર મળેલ દરખાસ્ત પણ માન્ય ગણાશે નહી.

(૪) સ્ટેજ, લાઈટ, માઈક, સાઉન્ડ સીસ્ટમ વિગેરેની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી આપવામાં આવશે. પરંતુ કાર્યક્રમ માટેના જરૂરી તમામ વાજિંત્રો કલાકારો સાથે આપશ્રીએ લાવવાના રહેશે.

(૫) કલાકારો માટે ફકત રહેવાની તથા જમવાની વ્યવસ્થા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી વિનામૂલ્યે કરી આપવામાં આવશે. દરખાસ્ત મંજુર થયેથી તેમજ કાર્યક્રમ નકકી થયેથી કાલાકારોના આવવા–જવાનો સમય તથા જમવાનો સમય અગાઉથી એક દિવસ પહેલા અધિકૃત કરેલ અધિકારીશ્રી / કર્મચારીશ્રીને જણાવવાનો રહેશે. (ફકત કાર્યક્રમના સ્થળે જ ચા–પાણી વ્યવસ્થા કરવામાં આવશે.)

(૬) અત્રેથી કાર્યક્રમની નકકી કરેલ આપની સમય સુચિ અંગે અગાઉથી જાણ કરવામાં આવશે, જે સમયે કાર્યક્રમના સ્થળે અડધા કલાક પહેલા કાર્યક્રમ માટે હાજર રહેવાનું રહેશે.

(૭) ટ્રસ્ટ ધ્વારા નકકી થયેલ પુરસ્કારની રકમ સિવાય અન્ય કોઈ ચુકવણું કરવામાં આવશે નહી.

(૮) અનુભવે જણાયેલ છે કે, જુદા જુદા કલાવૃંદના નામે કલાકારો અત્રે દરખાસ્તો મોકલતા હોય છે. આ દરખાસ્તો અલગ અલગ નામે મંજુર કરી જુદા જુદા સમયે નકકી કરી પ્રોગ્રામ અત્રેથી ફાળવવામાં આવતા હોય છે. પરંતુ એકના એક જ કલાકારો જુદા જુદા કલાવૃંદના નામે પ્રોગ્રામો આપતા હોય છે. તો આ પ્રકારના કિસ્સામાં આ વખતે પ્રોગ્રામનું નકકી કરેલ પુરસ્કાર ચુકવવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવાની રહેશે.

(૯) ઉપરોકત માંગેલ માહિતિમાં જે કલાકારોના નામ દર્શાવેલ હશે તેઓએ જ કાર્યક્રમ આપવાનો રહેશે.

(૧૦) આપશ્રીએ આપેલ દરખાસ્ત સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેનો અબાધિત અધિકાર દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનો રહેશે.

(૧૧) કોઈપણ કાર્યક્રમની વિડિયોગ્રાફી / ફોટોગ્રાફીની સી.ડી. અત્રેથી આપવામાં આવશે નહી.

ઓર્ગેનાઈઝરની સહી